# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-04-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર નિકિતા શાહ વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હરિયાણાને લગભગ 10 હજાર કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ સમર્પિત કર્યા.

2) સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બીઆર ગવઈએ કહ્યું, બંધારણે સમયની કસોટી પર ખરા ઉતરીને દેશને મજબૂત, સ્થિર અને એક બનાવ્યો.

3) ઉત્તર પ્રદેશના લખનઉની એક હોસ્પિટલમાં લાગેલી આગમાં બસોથી વધુ દર્દીઓને હેમખેમ સલામત સ્થળે ખસેડાયા..કોઇ જાનહાની નહી.

4) પરમાણુ કાર્યક્રમ મુદ્દે અમેરિકા અને ઇરાન વચ્ચે રોમમાં વાટાઘાટો થાય તેવી સંભાવના.

5) I.P.L.માં ચૈન્નઇ સુપર કિંગ્સે લખનૌ સુપર જાયન્ટસને હરાવ્યું.

..........................................................................

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM HISAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હરિયાણાના લોકોને લગભગ 10 હજાર કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ સમર્પિત કર્યા. ડૉ. ભીમરાવ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે, શ્રી મોદીએ યમુનાનગરમાં દીનબંધુ છોટુરામ થર્મલ પાવર પ્લાન્ટ ખાતે 800 મેગાવોટના ત્રીજા યુનિટનો શિલાન્યાસ કર્યો. આ પ્રોજેક્ટ હાલના પ્લાન્ટનું વિસ્તરણ છે આ પ્રોજેક્ટ 52 મહિનામાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે, અને માર્ચ 2029 સુધીમાં 48 મહિનામાં વ્યાપારી કામગીરી શરૂ થવાની ધારણા છે. આ નવા યુનિટ સાથે, હરિયાણાની ઇન-હાઉસ વીજ ઉત્પાદન ક્ષમતા વધીને ત્રણ હજાર 382 મેગાવોટ થશે.

<u>(બાઈટ- નરેન્દ્ર મોદી... GRID ..PM01-7.45 AM NEWS)</u>

તેમની મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રીએ હિસારમાં મહારાજા અગ્રસેન એરપોર્ટના નવા ટર્મિનલ બિલ્ડિંગનો શિલાન્યાસ પણ કર્યો અને એરપોર્ટથી અયોધ્યા માટે પ્રથમ ફ્લાઇટને લીલી ઝંડી આપી. આ પ્રસંગે બોલતા શ્રી મોદીએ કહ્યું કે 2014 પહેલા દેશભરમાં ફક્ત 70 એરપોર્ટ હતા. તેમણે ઉમેર્યું કે, હવે દેશમાં કુલ એરપોર્ટની સંખ્યા ૧૫૦ ને વટાવી ગઈ છે.

<u>(બાઈટ- નરેન્દ્રમોદી AIR PORT PM MODI 02- 7.45 AM NEWS)</u>

આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ યમુનાનગરમાં 90 કરોડ રૂપિયાના ખર્ચે બનેલા ગોબર ધન પ્લાન્ટનો શિલાન્યાસ પણ કર્યો. આ પ્લાન્ટની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા 2 હજાર 600 મેટ્રિક ટન કોમ્પ્રેસ્ડ બાયોગેસ હશે. શ્રી મોદીએ રેવાડી બાયપાસનું પણ ઉદ્ઘાટન કર્યું, જે એક હજાર 69 કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યું છે. બાયપાસ પ્રોજેક્ટ ભારતમાલા યોજના હેઠળ હાઇબ્રિડ એન્યુઇટી મોડ પર વિકસાવવામાં આવ્યો છે. રેવાડી શહેરની આસપાસ ટ્રાફિકની ભીડ ઘટાડવા માટે આ ચાર-લેન બાયપાસ બનાવવામાં આવ્યો છે.

# JUSTICE GAVAI - CONSTITUTION

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બીઆર ગવઈએ કહ્યું કે, બંધારણે સમયની કસોટી પર ખરા ઉતરીને દેશને મજબૂત, સ્થિર અને એક બનાવ્યો છે. તેઓ ગઈકાલે નવી દિલ્હીમાં ડૉ. આંબેડકર ઇન્ટરનેશનલ સેન્ટર ખાતે આયોજિત પ્રથમ 'ડૉ. આંબેડકર મેમોરિયલ લેક્ચર'માં બોલી રહ્યા હતા.

ન્યાયાધીશ ગવઈએ જણાવ્યું કે, પાછલા વર્ષોમાં, દેશે વિવિધ બાહ્ય આક્રમણો અને આંતરિક અશાંતિનો સામનો કર્યો હતો, છતાં તે એક અને મજબૂત રહ્યો, બદલાતી જરૂરિયાતોને અનુરૂપ સમયાંતરે બંધારણમાં સુધારા પણ કરવામાં આવ્યા હોવાનો તેમણએ પોતાના સંબોધનમાં ઉલ્લેખ કર્યો હતો.

# JAISHANKAR NARMADA

વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકર બે દિવસની ગુજરાતની મુલાકાતે છે. નર્મદા જીલ્લાની મુલાકાત દરમિયાન તેમણે વિકસિત ભારતના નિર્માણ માટે બાળકોની કૌશલ્ય ક્ષમતા વધારવા પર ભાર મુક્યો હતો. શ્રી જયશંકરે વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત દ્વારા નર્મદા જીલ્લાને વિકાસ કાર્યોની ભેટ આપી હતી. ત્યારબાદ ગરુડેશ્વર ખાતે અંદાજે 71 એકર વિસ્તારમાં નિર્માણ પામી રહેલા હૉસ્પિટાલિટી પ્રૉજેક્ટ અને ખડગદા પાસે નિર્માણાધિન ટ્રાયબલ મ્યૂઝિયમ પ્રોજેક્ટનું નિરિક્ષણ કરી શ્રી જયશંકરે બંને પ્રોજેક્ટ અંગેની વિગતવાર માહિતી મેળવી હતી.

આ ઉપરાંત શ્રી જયશંકરે નર્મદાના એકતાનગર ખાતે મિયાવાકી જંગલની મુલાકાત લીધી. તેમજ પર્યાવરણ બચાવવાનો સંદેશ આપતુ દસ્તાવેજી ચિત્ર નિહાળ્યું હતું.

# MORN.LOK BANDHU HOSPITAL FIRE

ઉત્તર પ્રદેશના પાટનગર લખનૌમાં લોકબંધુ હોસ્પિટલના બીજા માળે ગઈકાલે રાત્રે ભીષણ આગ ફાટી નીકળી હતી. શોર્ટ સરકિટને કારણે લાગેલી આ આગને કારણે દહેશત ફેલાઇ ગઇ હતી. પરંતુ હોસ્પિટલના સ્ટાફની સતર્કતાને કારણે અતિગંભીર સહિતના 200 જેટલા દર્દીઓને તાત્કાલિક સલામત રીતે અન્ય સ્થળે ખસેડી લેવાયા હતા. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આગની ઘટનામાં તાત્કાલિક પગલાં લઇને કોઇ નુકસાન ન થાય તે રીતે તાત્કાલિક કામગીરી કરવા સૂચના આપી હતી. તમામ અસરગ્રસ્ત દર્દીઓને તાત્કાલિક તબીબી સહાય મળે તેવી વ્યવસ્થઆ કરવા તેમણે આદેશ કર્યો હતો..

ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠક પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને અધિકારીઓને સૂચના આપી હતી.

જ્યારે ઉત્તર પ્રદેશના આરોગ્ય સચિવ પાર્થ સારથી સેન શર્માએ આ મુજબ માહિતી આપી હતી..

## (BYTE: આરોગ્ય સચિવ પાર્થ સારથી)

મુખ્ય તબીબી અધિક્ષક ડૉ. અજય શંકર ત્રિપાઠીએ જણાવ્યું કે, પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આ ઘટના બની હોય તેમ લાગી રહ્યું છે. પરંતુ આ અંગેની તલસ્પર્શી તપાસ કરાશે

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

# IMD - WEATHER

**ભારતીય હવામાન વિભાગે આગામી 2-3 દિવસ દરમિયાન રાજસ્થાન અને ગુજરાતના અલગ અલગ વિસ્તારોમાં ગરમીનું મોજું ફરી વળવાની આગાહી કરી છે. હવામાન એજન્સીએ આગામી ત્રણ દિવસ દરમિયાન પંજાબ, હરિયાણા અને પશ્ચિમ મધ્યપ્રદેશમાં પણ હિટવેવની સ્થિતિની આગાહી કરી છે.**

**હવામાન વિભાગના અધિકારીએ જણાવ્યું કે, કેરળ અને માહેમાં આજે ગરમ અને ભેજવાળુ હવામાન રહેશે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આવતીકાલ સુધી ઓડિશામાં ભારે વરસાદની સંભાવના છે. આગામી 5 દિવસ દરમિયાન ઉત્તરપૂર્વ અને પૂર્વ ભારતમાં વાવાઝોડા, વીજળી અને જોરદાર પવન સાથે હળવાથી મધ્યમ વરસાદનું અનુમાન પણ હવામાન વિભાગે જાહેર કર્યું છે.**

# US IRAN TALKS

તેહરાનના પરમાણુ કાર્યક્રમ પર અમેરિકા અને ઈરાન વચ્ચે બીજા રાઉન્ડની વાતચીત શનિવારે રોમમાં થવાની ધારણા છે. ઇટાલીના વિદેશમંત્રી એન્ટોનિયો તાજાનીએ જાહેરાત કરી હતી કે, વાટાઘાટ કરનારા પક્ષો અને મધ્યસ્થી તરીકે કામ કરી રહેલા ઓમાનની વિનંતીઓને પગલે રોમે બેઠકનું આયોજન કરવા સંમતિ આપી છે.

તાજાનીએ જાપાનની મુલાકાત દરમિયાન આ જાહેરાત કરી હતી. જોકે, ઈરાન કે અમેરિકા તરફથી સ્થળની કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

# IPL

IPL T20 માં, ચેન્નાઈ સુપર કિંગ્સે ગઈકાલે રાત્રે એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે યજમાન લખનૌ સુપર જાયન્ટ્સ પર પાંચ વિકેટથી વિજય મેળવીને પાંચ મેચની હારનો સિલસિલો સમાપ્ત કર્યો.

167 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ચેન્નાઈની શરૂઆત સારી રહી, જેમાં ઓપનિંગ જોડી રચિન રવિન્દ્ર અને રાશિદ શેખે 50 રનની ભાગીદારી નોંધાવી. શિવમ દુબેએ 37 બોલમાં 43 રનનું યોગદાન આપ્યું. કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીના માત્ર 11 બોલમાં 26 રનના ધમાકેદાર ઇનિંગની મદદથી ચેન્નઈએ 19.3 ઓવરમાં અંતિમ રેખા પાર કરી લીધી.

# HOCKEY - SENIOR MEN CHAMPIONSHIP

15મી હોકી ઈન્ડિયા સિનિયર મેન્સ નેશનલ ચેમ્પિયનશિપ 2025માં, મધ્યપ્રદેશ અને પંજાબ આજે સાંજે ઉત્તર પ્રદેશના ઝાંસી ખાતે ટકરાશે. આ મેચ સાંજે સાત વાગ્યે શરૂ થશે. જ્યારે યજમાન ઉત્તર પ્રદેશ અને મણિપુર ત્રીજા અને ચોથા સ્થાન માટે સાંજે પાંચ વાગ્યે રમશે.

રવિવારે સેમિફાઇનલમાં, મધ્યપ્રદેશે મણિપુરને 5-3થી હરાવીને ગ્રાન્ડ ફાઇનલમાં પોતાનું સ્થાન બનાવ્યું હતુ,

# NHEA - 2023

નેશનલ હાઇવે એક્સેલન્સ એવોર્ડ્સ 2023ની છઠ્ઠી આવૃત્તિ આજે નવી દિલ્હીમાં યોજાશે. દેશભરમાં ઉચ્ચ પ્રદર્શન કરતી હાઇવે સંપત્તિઓના નિર્માણ અને જાળવણીમાં યોગદાન બદલ વ્યક્તિઓ અને હિસ્સેદારોને આ એવોર્ડ એનાયત કરાય છે.

હાઇવે બાંધકામમાં ઉભરતી ટેકનોલોજી, પર્વતીય પ્રદેશોમાં માળખાગત વિકાસ અને ભારતીય બાંધકામ કંપનીઓની વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધારવા જેવા મુખ્ય વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરીને તજજ્ઞો દ્વારા ચર્ચા પણ કરાશે .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

- આજના તમામ અખબારોમાં મેહૂલ ચોકસીની ધરપકડ, પોરબંદરના દરિયામાંથી 300 કિલો ડ્રગ્સ ઝડપાયું જેવા સમાચાર પહેલા પેજ ઉપર જોવા મળી રહ્યાં છે.

  અખબારો પ્રમાણે જોઇએ તો

- સંદેશ લખે છે .. કૌભાંડી મેહુલ ચોક્સી બેલજીયમ માં પકડાયો.. દિવ્ય ભાસ્કર લખે છે.. રૂ 13 હજાર કરોડના બેન્ક કૌભાંડમાં અંતે ચોક્સીની બેલ્જિયમમાં ધરપકડ.. ગુજરાત સમાચાર ની હેડલાઇન છે .. ભાગેડુ મેહુલ ચોક્સીની બેલજીયમમાં ધરપકડ,ભારત લાવવા કેન્દ્રની તૈયારી..નવગુજરાત સમય ની હેડ લાઇન છે આતંકવાદી રાણા બાદ કૌભાંડી મેહુલ ચોક્સીને પણ ભારત લવાશે

- આ સાથે આરબ સાગર માંથી ATS અને કોસ્ટ ગાર્ડે ઝડપી પડેલા ડ્રગ્સના સમાચાર ને મુખ્ય મથાળા હેઠળ સમાવતા ગુજરાત સમાચાર લખે છે.. પોરબંદર પાસેથી 1800 કરોડનું 300 કિલો ડ્રગ જપ્ત.. નવગુજરાત સમય લખે છે.. ભારતીય જળસીમાં માંથી પાકિસ્તાનથી મોકલાયેલું 18100 કરોડનું ડ્રગ ઝડપાયું.. દિવ્ય ભાસ્કરની હેડ લાઇન છે પાકિસ્તાનની ડ્રગ માફિયા ફિડની ગેંગ 1800 કરોડનું ડ્રગ દરિયામાં ફેકી બોટ લઈ ફરાર..

- કેટી પેરી સહિત 6 મહિલોની અવકાશ મુસાફરીના સમાચારને પણ તમામ અખબારોએ પ્રથમ પાને સમાવ્યા છે

- અન્ય સમાચારોમાં નવગજરાત સમયે,,, sbi ની લોન 0.25 % સસ્તી થઈ fd ના વ્યાજ દર પણ ઘટયા.. સંદેશે.. અમેરિકાએ ભારતીયો માટે eb-5 અનરીઝર્વ્ડ વિઝા શ્રેણીમાં કાપ મૂક્યો તો ફૂલછાબે.. બંગાળમાં મુરશીદાબાદ પછી વધુ એક જિલ્લામાં હિંસા ભડકી હોવાના સમાચાર પહેલા પેજ ઉપર છાપ્યાં છે.

- આ ઉપરાંત આઇપીએલની મેચમાં લખનૌને હરાવીને ચૈન્નાઇએ પરાજયની હારમાળા ઉપર બ્રેક મારી હોવાના સમાચાર પણ તમામ અખબારોના સ્પોર્ટસ પેજ ઉપર જોવા મળી રહ્યાં છે..

- રાજ્યના અને સ્થાનિક સમાચાર પર નજર કરીએ તો રાજ્યભરમાં કાળઝાળ ગરમી, સૌરાષ્ટ્રના ત્રણ હજાર ચારસો ગામોમાં સિંહોની વસ્તી ગણતરી થશે જેવા અહેવાલો વાંચવા મળી રહ્યાં છે.